ક્રમાંક: ધ/માધ્ય/પરચ/૨૦૨૩/2892-2926
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. 20/૦૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : 'વિશ્વ માતૃભાષા દિવસ ' ની ઉજવણી નું જીવંત પ્રસારણ નિહાળવા બાબત.
સંદર્ભ:- માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણનું કાર્યાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: અં.મ/આ.વિ./શિક્ષણ/૧૬૩૯/૨૩, તા. ૧૭/૦૨/૨૦૨૩

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૨૧/૦૨/૨૦૨૩ ના રોજ રાજ્ય સરકાર દ્વારા પંડિત દીન દયાળ હોલ, બોડકદેવ, અમદાવાદ ખાતે 'વિશ્વ માતૃભાષા દિવસ' ની ઉજણી નું સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ કલાક દમિયાન આયોજન કરેલ છે. જેનું જીવંત પ્રસારણ બાયસેગ દ્વારા કરવામાં આવનાર છે.

માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના કાર્યાલયના સંદર્ભદર્શિત પત્રથી મળેલ સૂચના અનુસાર વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનું BISAG દ્વારા કરવામાં આવનાર જીવંત પ્રસારણ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ નિહાળી શકે તે અર્થે ૨૧ ફેબ્રુઆરી-૨૦૨૩ ના રોજ રાજ્યની તમામ સરકારી, બિનસરકારી અનુદાનિત અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમય નીચે મુજબ રાખવા આથી સૂચના આપવામાં આવે છે.

<u>શાળાનો સમય:-</u>

સવાર પાળી – મુજબની શાળાઓએ સમય યથાવત રાખવાનો રહેશે.

બપોર પાળી – મુજબની શાળાઓએ સવારની પાળીનો સમય રાખવાનો રહેશે.

વધુમાં, રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ આ જીવંત પ્રસારણ નિહાળી શકે તે મુજબની વ્યવસ્થા કરવા આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચના આપવા આથી જણાવવામાં આવે છે અને કાર્યક્રમ પૂર્ણ થયેથી જિલ્લા વાઇઝ અહેવાલ રાજ્યની વડી કચેરીને મોકલી આપવાનો રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગાંધીનગર

Scanned with CamScan

ક્ર.નં. મા-૨/૨૦૨૩/૪૦૬૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,
જિલ્લો-સુરત.
તા:-20/2/2023

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ-સુરત.

District Education Officer
Surat. Dist. Surat.

Scanned with CamScanner